રેલવેના લાખો કર્મચારીઓ માટે ખુશખબર

પતિ-પત્નીને તેમના પોસ્ટિંગ સ્થાનો પર સ્થાનાંતરિત કરવાનો નિર્દેશ

નવી દિલ્હી, તા.૨૫

ભારતીય રેલ્વેમાં કામ કરતા લાખો કર્મચારીઓ માટે સારા સમાચાર છે. રેલ્વે બોર્ડે તમામ ઝોનલ રેલ્વેને તેમના પતિ-પત્નીને તેમના પોસ્ટિંગ સ્થાનો પર સ્થાનાંતરિત કરવા માટે કર્મચારીઓની વિનંતીઓ પર ઝડપથી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

૧૭ ઓગસ્ટના રોજ બોર્ડ દ્વારા રેલ્વે કર્મચારીઓ અને તેમના યુનિયનોને મળ્યા બાદ ૧૫ ઝોનના પ્રિન્સિપલ ચીફ પર્સનલ અધિકારીઓને એક પત્ર મોકલવામાં આવ્યો હતો, કારણ કે કર્મચારીઓની તેમના જીવનસાથીને તેમના પોસ્ટિંગના સ્થળોએ સ્થાનાંતરિત કરવાની વિનંતીને અમલમાં લાવવામાં વિલંબ થયો હતો. વિનંતી નકારી હતી.

રેલવે બોર્ડ દ્વારા તમામ ઝોનલ અધિકારીઓને મોકલવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, "આવી તમામ પડતર અરજીઓની તપાસ કરીને નિર્ધારિત નીતિ

કર્મચારીઓની વિનંતીઓ પર ઝડપથી કાર્યવાહી કરાશે

મુજબ નિકાલ કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવે છે."

૨ માર્ચ, ૨૦૧૦ના રોજ, રેલ્વે મંત્રાલયે કેન્દ્ર સરકારની નોકરીઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે નક્કર પ્રયાસો કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પતિ અને પત્નીની એક જ જગ્યાએ પોસ્ટિંગ સંબંધિત તેની નીતિ હળવી કરી. આ નીતિમાં કામકાજની વિવિધ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ટ્રાન્સફર વિકલ્પો સૂચવવામાં આવ્યા છે જેમ કે પતિ અને પત્નીની વરિષ્ઠતા દરજ્જો, નોકરીની સ્થિતિ જ્યાં પતિ-પત્નીમાંથી કોઈ એક અન્ય કેન્દ્રીય સેવા સાથે સંબંધિત હોઈ શકે છે.માર્ચ ૨, ૨૦૧૦ માં, રેલ્વે મંત્રાલયે "કેન્દ્ર સરકારની નોકરીઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે નક્કર પ્રયાસો કરવાની" જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પતિ અને પત્નીને એક જ સ્ટેશન પર પોસ્ટ કરવાની તેની પોલિસી હળવી કરી છે.

નબળા વૈશ્વિક સંકેતોને કારણે ભારતીય સ્થાનિક શેરબજારમાં ઉથલ-પાથલ

સેન્સેક્સ સતત બીજા સત્રમાં ૪૫૮ પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી ૧૯,૩૦૦ની નીચે બંધ

મુંબઈ, તા.૨૫

વૈશ્વિક બજારોમાં નબળા વલણ વચ્ચે શુક્રવારે ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકોમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ સતત બીજા સત્રમાં ૪૫૮ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી પણ ૧૯,૩૦૦ પર બંધ રહ્યો હતો. જિયો ફાઈનાન્શિયલ ૪ ટકા અને વોડાફોન આઈડિયાના શેરમાં ૯ ટકા સુધીનો ઉછાળો નોંધાયો છે. શોપર્સ સ્ટોપ ૧૩ ટકા અને જીએમઆર એરોપોર્ટ લગભગ ૫ ટકા ઘટ્યો હતો.

જિયો ફાઈનાન્શિયલ ૪ ટકા અને વોડાફોન આઈડિયાના શેરમાં ૯ ટકા સુધીનો ઉછાળો, શોપર્સ સ્ટોપ ૧૩ ટકા અને જીએમઆર એરોપોર્ટ ૫ ટકા ઘટ્યો

અસ્થિર વેપારમાં, શુક્રવારે સેન્સેક્સ ૪૫૭.૪૧ પોઈન્ટ અથવા ૦.૭૦% ઘટીને ૬૪,૭૯૪.૯૩ પર બંધ થયો હતો. એ જ રીતે, નિફ્ટી-૫૦ પણ ૧૪૩.૭૦ પોઈન્ટ અથવા ૦.૭૪% ઘટીને ૧૯,૨૪૩ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સ પેકના ૩૦ શેરોના ૨૩ શેર લાલ નિશાન સાથે બંધ થયા છે. જ્યારે માત્ર ૭ શેર જ નજીવા વધારા બાદ લીલા નિશાન સાથે બંધ થયા હતા.

એલકેપી સિક્યોરિટીઝના રિસર્ચ હેડ એસ રંગનાથને બજારની સ્થિતિ અંગે જણાવ્યું હતું કે ફેડની બેઠક અને પોવેલના આજે ભાષણ પહેલાં વૈશ્વિક સંકેતોને અનુરૂપ બેન્ચમાર્ક સૂચકાંકો નબળાઈ સાથે ખુલ્યા હતા.

હોમ બેક પર, તમામ સેક્ટોરલ ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા હતા, મિડકેપ ઈન્ડેક્સ પણ એક ટકાથી વધુ ઘટ્યો હતો.

વોડાફોન આઈડિયાએ શુક્રવારે ટોપ ગેનર્સમાં સ્થાન મેળવ્યું હતું, શેર ૯.૪૩ ટકા વધ્યો હતો. અશી ઈન્ડિયા ગ્લાસ ૯.૪૨ ટકા વધ્યો હતો. એ જ રીતે ઈન્ડિયા બુલ્સ હાઉસિંગ ફાઈનાન્સના શેરમાં ૮.૯૧ ટકાનો વધારો થયો હતો. ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સનો શેર ૭.૪૪ ટકા અને સેરી સેનિટરીવેર ૫.૭૫ ટકા વધ્યો હતો.

શોપર્સ સ્ટોપ સૌથી વધુ ૧૨.૭૧ ટકા ઘટ્યો હતો. ગલ્ફ ઓઈલ લુબ્રિકન્ટ્સ ૯.૫૪ ટકા અને ડીએસજેકીપના શેર ૫ ટકા ઘટ્યા હતા. તેજ સમયે, જીએમઆર એરપોર્ટ ૪.૧૬ ટકા અને બીઈએમએલશેર ૩.૯૪ ટકા ઘટ્યા હતા. એ જ રીતે લાર્સન ટુબ્રો, ઈન્ડસઈન્ડ બેંક, પાવરગ્રીડ, આઈટીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો અને લાલ નિશાન સાથે બંધ થયો હતો.રૂપિયાની સ્થિતિ અંગે, એલકેપીસિક્યોરિટીઝના વીપીરિસર્ચ એનાલિસ્ટ જતિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે ડૉલર ઈન્ડેક્સમાં વધારાને કારણે રૂપિયામાં ૦.૦૮ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો હતો, જે કદાચ ભૂતકાળમાં રૂપિયાના મજબૂત પ્રદર્શનથી પ્રભાવિત છે. ડૉલરની હાલની મજબૂતાઈને આગામી બેઠકોમાં વ્યાજદરના ઊંચા દરની વધતી સંભાવનાને ટેકો મળે તેમ જણાય છે. રૂપિયા માટે ટ્રેડિંગ રેન્જ ૮૨.૫૦ થી ૮૨.૯૦ ની રેન્જમાં રહેવાની ધારણા છે. જો રૂપિયો ઉપલી મર્યાદાને તોડવામાં સફળ થાય છે, તો તે સંભવિતપણે ૮૨.૧૦ થી ૮૨.૦૦ સુધી જઈ શકે છે.

નવું રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક શરૂ કરાયું

શાળાઓમાં હવે એસેમ્બલીને મીનિંગફુલ બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૫

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બે દિવસ પહેલા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (એનઈપી)ની અનુરૂપ શાળા શિક્ષણ માટે એક નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (એનસીએફ-૨૦૨૩) શરૂ કર્યું છે. આ અભ્યાસક્રમ ફ્રેમવર્કની અસર માત્ર બોર્ડની પરીક્ષાઓ પર જ નહીં પરંતુ સમગ્ર શાળાના શિક્ષણ પર પડશે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (એનસીએફ-૨૦૨૩) શરૂ કર્યું છે. આ અભ્યાસક્રમ ફ્રેમવર્ક લગભગ ૩૬ વર્ષથી ચાલતી ભારતીય શિક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે બદલી શકે છે. આ નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવી છે. અભ્યાસક્રમ ફ્રેમવર્કમાં ભારતમાં ધોરણ ૧ થી ૧૨ સુધી ઘણા મોટા ફેરફારો સૂચવવામાં આવ્યા છે જેમાં બાળકો કેવી રીતે અભ્યાસ કરશે, તેઓ શું શીખશે, તેઓ કેવી રીતે શીખશે, એસેમ્બલી કેવી હશે, બેગ પુસ્તકો કેવા હશે, વિદ્યાર્થીઓની પ્રતિભાનું મૂલ્યાંકન કેવી રીતે થશે. આવા

આ અભ્યાસક્રમ ફ્રેમવર્ક લગભગ ૩૬ વર્ષથી ચાલતી ભારતીય શિક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે બદલી શકે છે

ઘણા મોટા ફેરફારોની દરખાસ્ત કરવામાં આવી છે.

આ નવા અભ્યાસક્રમ ફ્રેમવર્કમાં શાળાના શિક્ષણમાં વિદ્યાર્થીઓને ઘણા વિષયો શીખવવા ઉપરાંત, વર્ષમાં બે વખત બોર્ડની પરીક્ષાઓ અને ધોરણ ૧૨માં સેમેસ્ટર સિસ્ટમનો અમલ એ મહત્વના ફેરફારો છે. એનસીએફમાં વર્ગખંડોમાં બાળકો માટે બેઠક વ્યવસ્થા, શાળાઓમાં એસેમ્બલી, યુનિફોર્મ, ભાષા અને સાંસ્કૃતિક જોડાણ જેવા અન્ય વિષયોમાં પણ ફેરફાર સામેલ છે. ઉદાહરણ તરીકે જો તમે વર્ગની બેઠક વ્યવસ્થા લો, તો એનસીએફમાં, વર્ગોને ગોળાકાર આકાર અને અર્ધ-ગોળાકાર આકારમાં બેસવાનું કહેવામાં આવ્યું છે. એટલું જ નહીં, શાળાઓમાં એસેમ્બલીને ટેક્નિકલને બદલે મીનિંગફુલ બનાવવામાં આવશે.

ચંદ્રના દક્ષિણ ધ્રૂવ પર સફળ લેન્ડિંગ કર્યું

ચંદ્રયાન-૨ના ઓર્બિટરે ચંદ્રયાન-૩ની લેટેસ્ટ તસવીરો મોકલી

નવી દિલ્હી, તા.૨૫

ચંદ્રયાન-૩ની સફળતાથી ભારત સહિત સમગ્ર વિશ્વ આનંદિત છે. ભારતે એ કરી બતાવ્યું છે જે આજ સુધી દુનિયામાં કોઈ બીજો દેશ કરી શક્યો નથી. ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રૂવ પર સફળ લેન્ડિંગ કર્યું હતું. હવે ત્યાં લેન્ડર અને રોવર બંને છૂટાં પડી ગયા છે અને આગળ ચંદ્ર પર રિસર્ચની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે ચંદ્રયાન-૩ની વિવિધ તસવીરો હવે સામે આવી રહી છે. ચંદ્રયાન-૨ના ઓર્બિટરે ચંદ્રયાન-૩ની લેટેસ્ટ તસવીરો મોકલી હતી. આ અંગે ટ્વિટ કરતાં ઈસરોએ માહિતી આપી હતી કે ચંદ્રયાન-૩ પર ચંદ્રયાન-૨ની નજર છે. તે તેની જાસૂસી કરી રહ્યો હોય તેમ ટ્વિટમાં જણાવાયું હતું કે મારી નજર તમારા પર છે.

જીઓ ફાઈ. સર્વિસનો શેર સતત પાંચમી વખત નીચલી સર્કિટમાં

મુંબઈ, તા.૨૫

રિલાયન્સમાંથી ડીમર્જ થયેલી જીઓ ફાઈનાંશિયલ સર્વિસનો શેર સોમવારે લિસ્ટેડ થયો ત્યારથી સતત પટકાઈ રહ્યો છે. આજે તે સતત પાંચમી વખત નીચલી સર્કિટમાં પટકાયો હતો.

જે એફ એસ એલના પટકાવાથી બેન્ચમાર્ક ને પણ ધક્કો લાગે છે, કારણ કે આ શેર કામચલાઉ ધોરણે સેન્સેકસ અને નિફ્ટી માં સામેલ કરાયો છે. માત્ર ચાર સત્રમાં જ આ કંપનીના માર્કેટ કેપમાં રૂપિયા ૩૧૨૦૦ કરોડ થી વધુનું ધોવાણ થઇ ચૂક્યું છે.

આજના સત્રમાં આ શેરે મંદીવાળા ની પક્કડમાંથી છૂટવા પ્રયાસ કર્યા હતા, જોકે સફળતા મુશ્કેલ જણાય છે. ટેકનિકલ કારણસર આ શેર બંને બેન્ચમાર્કમાં વધુ દિવસો અટવાયેલો રહેશે. બજારની નજર હવે સોમવારની રિલાયન્સની એ.જી.એમ. પર મંડાયેલી છે, જેમાં જીઓના આઈપીઓથી માંડીને ડિવિડન્ડ સુધીની મહત્વની જાહેરાતો અપેક્ષિત છે.

કેન્દ્ર સરકાર ચીનનું સંપૂર્ણ સત્ય કહી રહી નથી : રાહુલ

લદાખ, તા.૨૫

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને મોટો દાવો કર્યો છે. લદ્દાખમાં કાર્યકર્તાઓ સાથે વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું, હું તમને ખાતરી આપું છું કે અમે ૨૦૨૪માં બીજેપીને હરાવીશું. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલંગાણાની ચૂંટણી પણ જીતીશું.

રાહુલ ગાંધીએ કહ્યું કે, કેન્દ્ર સરકાર ચીનનું સંપૂર્ણ સત્ય કહી રહી નથી. લદ્દાખ એક વ્યૂહાત્મક સ્થળ છે. ચીને ભારત પાસેથી હજારો કિલોમીટર જમીન છીનવી લીધી છે. તે દુઃખદ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેના પર કહ્યું કે, ચીને એક ઇંચ પણ જમીન નથી છીનવી. વડાપ્રધાન આ મુદ્દે સાચું બોલી રહ્યા નથી તે ખૂબ દુઃખદ વાત છે. લદ્દાખનો દરેક વ્યક્તિ જાણે છે કે ચીને લદ્દાખની જમીન લઈ લીધી છે.તેમણે વધુમાં કહ્યું કે, જ્યારે પણ સરહદ પર યુદ્ધ થયું છે ત્યારે લદ્દાખના લોકોએ ભારત સાથે મળીને બહાદુરીથી તેનો સામનો કર્યો છે. તેમની મુલાકાત દરમિયાન, તેમણે લદ્દાખના લોકોની સમસ્યાઓ અને તેમની વાસ્તવિક સમસ્યાઓને સમજવાનો પ્રયાસ કર્યો.

નામ બદલેલ છે

મારુ જૂનું નામ પટેલ ચેતનાબેન દિનેશકુમાર થી બદલીને નવું નામ વસોયા ચેતનાબેન દિનેશભાઈ કરેલ છે. સરનામું : ૩, ધર્મનંદનપાર્ક સોસાયટી, ખોડલધામ સોસાયટી પાસે, નિકોલ-નરોડા રોડ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦

નામ બદલેલ છે

જુનું નામ હીમાશુંકુમાર ભાલચંદ્ર પંડ્યા થી બદલીને હીમાશું ભાલચંદ્ર પંડ્યા કરેલ છે. સી/૬૦૨, ટરકોઈસ બ્લુ, વિશ્વનાથ સારથ્ય સામે, શેલા, અમદાવાદ

નામ બદલેલ છે

મારુ જુનું નામ નાનકભાઈ હેમનદાસ વીરાણી થી બદલીને નવું નામ નાનક હેમનદાસ વીરાણી કરેલ છે. ૪૯, શિખર બંગલોઝ સુઘડ, ગાંધીનગર-૩૮૨૪૨૪

નામ બદલેલ છે

જુનુ નામ નારણદાસ મફતલાલ પટેલ હતું તે બદલીને નવુ નામ નારાયણભાઈ મફતલાલ પટેલ રાખેલ છે. ૨૧, નંદનવન બંગ્લોઝ, કમલમની પાસે, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭

નામ બદલેલ છે

જુનુ નામ મંજુલાબેન નારણદાસ પટેલ હતું તે બદલીને નવુ નામ મંજુલાબેન નારાયણભાઈ પટેલ રાખેલ છે. ૨૧, નંદનવન બંગ્લોઝ, કમલમની પાસે, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭

નામ બદલેલ છે

જુનુ નામ રીનાબેન વિષ્ણુભાઈ પટેલ હતું તે બદલીને નવુ નામ રીના દિપેન પટેલ રાખેલ છે. ૨૧, નંદનવન બંગ્લોઝ, કમલમની પાસે, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭

નામ બદલેલ છે

મારૂ જુનુ નામ જયાની સાધુરામ બચુમલ થી બદલી જીયાની સાધુરામ બચુમલ કરેલ છે. સરનામું : ૨, શિલ્પ રેસીડન્સી, મણિનગર, અમદાવાદ

નામ બદલેલ છે

મારૂ જુનુ નામ જયાની જૈવંતી સાધુરામ થી બદલી જીયાની જૈવંતી સાધુરામ કરેલ છે. સરનામું : ૨, શિલ્પ રેસીડન્સી, મણિનગર, અમદાવાદ

નામ બદલેલ છે

મારૂં નામ (જુનું) જસોતા સામાણોમલ રાવલાણી થી બદલીને નવું જશોદા નારાયણદાસ નાગદેવ રાખેલ છે. સરનામું : એ/૨/૧૮, સ્વામી હરનામદાસ સોસાયટી, કુબેરનગર, અમદાવાદ-૩૮૨૩૪૦

નામ બદલેલ છે

જુનુ નામ અલમ ચંદાની મુસ્કાન પ્રકાશ બદલીને નવુ નામ આલમ ચંદાની મુસ્કાન પ્રકાશ રાખેલ છે. સરનામું : ૬૭-૬૮, નિહારિકા પાર્ક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

નામ બદલેલ છે

જૂનું નામ જમીલા ખાતુન ઈકબાલ રીંછડીવાલા નવુ નામ જમીલા ઈકબાલભાઈ રીછંડીવાલા સરનામું : ઘર નં.૨૬૩૦/૨, જીવા શહીદની દરગાહ, નવી મસ્જિદ, જમાલપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

નામ બદલેલ છે

મારૂ જુનું નામ નાનકરામ હેમનદાસ વીરાણી થી બદલીને નવું નામ નાનક હેમનદાસ વીરાણી કરેલ છે. ૪૯, શિખર બંગલોઝ સુઘડ, ગાંધીનગર-૩૮૨૪૨૪

નામ બદલેલ છે

જુનુ નામ દિપેન નારણદાસ પટેલ હતું તે બદલીને નવુ નામ દિપેન નારાયણભાઈ પટેલ રાખેલ છે. ૨૧, નંદનવન બંગ્લોઝ, કમલમની પાસે, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭

AMDAVAD MUNICIPAL CORPORATION
MAHANAGAR SEVA SADAN
WEST ZONE

Tender Notice No-9 / 2023-24

Tender For Road + Footpath, Drainage, Water, Building Work of West zone,

Tender Document Submission	Date:- 18-09-2023 upto 12.00 hrs
Tender Opening	Date:- 18-09-2023 Opening 15.00 hrs

Details and Tenders available on:- www.ahmedabad.gov.in

Dy.MUNICIPAL COMMISSIONER

IndusInd Bank

ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ
એકઆરઆર ડિપા.૧૧મો માળ, ટાવર ૧, વન ઇન્ડિયાબુલ્સ સેન્ટર, ૮૪૧, સેનાપતિ બાપટ માર્ગ, એલ્ફિન્સ્ટન રોડ, મુંબઈ -૪૦૦૦૧૩

એપેન્ડિક્સ – IV કબજા નોટિસ (જુઓ નિયમ ૮ (૧) (સ્થાવર /જંગમ સંપત્તિ માટે)

નીચે સહી કરનાર ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સેક્શન ૧૩(૧૨)ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ તા.૧૧-૦૫-૨૦૨૨ ના રોજ ડિમાન્ડ નોટિસ મોકલીને દેણદાર મે. એચજેએમ ફૂલેસ પ્રા.લિ. અને જામીનદારો શ્રીમતી શીલાબેન જે અજમેરા, શ્રી મૌલિક એચ. મહેતા, શ્રી શૈલેષ વાઘેલા, શ્રીમતી ગજરાબેન શૈલેષ વાઘેલા અને શ્રીમતી સુધાબેન એચ. મહેતાને નોટિસમાં જણાવેલ રકમ ૧૦-૦૫-૨૦૨૨ મુજબ રૂ.૨,૨૦,૮૨,૭૧૦.૦૭(અંકે રૂપિયા બે કરોડ વીસ લાખ બ્યાસી હજાર સાતસો દસ અને પૈસા સાત પૂરા) આગળના વ્યાજ વત્તા કોસ્ટ, ચાર્જેસ અને ખર્ચા વગેરે સહિત થતી રકમ આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ.

દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, દેણદાર તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેકશન ૧૩ના સબ-સેકશન (૪) અને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં મળેલ અધિકારો હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો આ વર્ષ ૨૦૨૩ ના ઓગસ્ટ મહિનાની ૧૯મીના રોજ કબજો લીધો છે.

દેણદારને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડને ૧૦-૦૫-૨૦૨૨ મુજબ લેવાના થતા રૂ.૨,૨૦,૮૨,૭૧૦.૦૭(અંકે રૂપિયા બે કરોડ વીસ લાખ બ્યાસી હજાર સાતસો દસ અને પૈસા સાત પૂરા) આગળના વ્યાજ વત્તા કોસ્ટ, ચાર્જેસ અને ખર્ચા વગેરે સહિત થતી રકમ (ડિમાન્ડ નોટિસ ઇસ્યુ કર્યા સુધીમાં જો કોઈ રકમ ચૂકવાઈ હોય તો તે બાદ કરીને) ચાર્જને અધીન રહેશે.

સિક્યોર્ડ અસ્સ્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેકશન ૧૩ના સબસેકશન (૮)નીજોગવાઈ તરફ દેણદારનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

સ્થાવર મિલકત તે મોજે વાસણા, તા. સાબરમતી, જિલ્લો અમદાવાદ ખાતે આવેલ સર્વે નં.૧૬, એફ.પી. નં.૨૮૯ ટી.પી. નં.૨૬ (સીટી સર્વે નં. ૪૬૫) પર આવેલ શ્રી યોગેશ્વરમનગર કો-ઓપ હા.સોસા.લિ.માં સબ પ્લોટ નં. ૫૫ ના તમામ હક્કહિસ્સા.સીમાઓઃ પૂર્વેઃ પ્લોટ નં. ૫૬, પશ્ચિમેઃ સબ પ્લોટ નં. ૫૬, ઉત્તરેઃ સબ પ્લોટ નં. ૨૯૩, પશ્ચિમેઃ રોડ.

તા.૧૯-૦૮-૨૦૨૩ સ્થળઃ અમદાવાદ

સહી/- અધિકૃત અધિકારી વતી, ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ
કોર્પોરેટ ઓફિસઃ ૮૦૨, નટરાજ બાય રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સર એમ. વી. રોડ, અંધેરી (ઈ) મુંબઈ-૪૦૦૦૬૯, મહારાષ્ટ્ર.
અમદાવાદ શાખાઃ ૩૦૧, ૩જે માળે, એબીસી-૩, હોટલ રિજેન્ટા સામે, ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ પાસે, ઉમાશંકર જોશી માર્ગ, ઓફ સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ (ગુજરાત). અધિકૃત અધિકારીઃ ઈસલાઉદ્દીન મો. ૯૦૦૧૨૯૨૨૦૬

Aadhar Housing Finance Ltd

હરાજી કમ વેચાણ માટે જાહેર નોટિસ

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.ના અધિકૃત અધિકારી તરીકે ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ કબજે લીધેલ તે નીચે જણાવેલ સિક્યોર્ડ અસ્સ્યામતના સંદર્ભમાં દેણદાર/રો તરફથી બાકી રહેતી રકમની વસૂલાત માટે ફિઝિકલ કબજામાં રહેલ સ્થાવર મિલકત 'જ્યાં છે, જેમ છે, જે છે તે છે અને જે કાંઈ છે' તે આધારે ખરીદવા માટે નીચે સહી કરનાર દ્વારા બંધ કવરમાં ઓફર મંગાવવામાં આવે છે, જેની વિગતો નીચે મુજબ છેઃ

નં.	દેણદાર(રો)/સહ-દેણદારો/ જામીનદાર (રો)નું નામ(મો)	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતની વિગતો	રિઝર્વ કિંમત (આરપી)	અર્નેસ્ટ મની ડિપોઝીટ(ઈએમડી) (આરપીના ૧૦%)
૧	(લોન કોડ નં. ૦૩૫૦૦૦૦૦૫૪૬/ અમદાવાદ શાખા) અરુણાબેન નવીનચંદ્ર દરજી (દેણદાર) નવીનચંદ્ર ઈશ્વરલાલ દરજી, અને ગૌતમભાઈ નવીનચંદ્ર દરજી (સહ-દેણદારો), કલ્પેશભાઈ દરજી (જામીનદાર))	૨૪-૦૮-૨૦૨૨ રૂ.૭,૦૫,૨૯૧/-	બિનખેતી મિલકતનં.૫૮ ગ્રાઉન્ડ ફ્લોર, રબારી વાસ, ગ્રામ પંચાયત પાસે, મોજે કોટડા, મહેસાણા, ગુજરાત-૩૮૪૨૮૫ના તમામ હક્ક હિસ્સાઓ.સીમાઓઃ પૂર્વેઃ ઈશ્વરભાઈ દરજીનું રહેણાંક, પશ્ચિમઃ રોડ, ઉત્તરેઃ ઈશ્વરભાઈ દરજીના રહેણાંકે જતો રસ્તો, દક્ષિણેઃ વાઘરી મંગલભાઈનું રહેણાંક.	રૂ. ૬,૨૪,૦૦૦/- (અંકે છ લાખ ચોવીસ હજાર પૂરા)	રૂ. ૬૨,૪૦૦/- (અંકે બાસઠ હજાર ચારસો પૂરા)
૨	(લોન કોડ નં. ૦૩૫૦૦૦૦૦૭૧૭/ અમદાવાદ શાખા) બબુબેન ગોબરભાઈ રબારી (દેણદાર) ભરતભાઈ ગોબરભાઈ રબારી (સહ-દેણદાર) ગોબરભાઈ કે. રબારી (જામીનદાર)	૨૪-૦૮-૨૦૨૨ રૂ.૪,૮૫,૨૪૮/-	મિલકત તે બિનખેતી મિલકત નં. ૧૧૧૧ધારક, રબારી વાસ, પાણીની ટાંકી પાસે, મોજે વસાણી પાટણ, મહેસાણા, ગુજરાત ૩૮૪૨૮૫ના તમામ હક્ક અને હિસ્સા. સીમાઓઃ પૂર્વેઃ રોડ, પશ્ચિમેઃ ઠાકોર કાશીભાઈ કે. ની મિલકત, ઉત્તરેઃ મકાન નં. ૧/૧૧૦, દક્ષિણેઃ રબારી પ્રભાતભાઈ વી. ની મિલકત	રૂ. ૫૦૦,૪૦૦/- (અંકે પાંચ લાખ ચારસો પૂરા)	રૂ. ૫૦,૦૪૦/- (અંકે પચાસ હજાર ચાલીસ પૂરા)

૧) ઉપર આપેલ શાખાના સરનામે ઈએમડી અને કેવાયસી સાથે છાપેલ ટેન્ડર ફોર્મમાં સીલ્ડ બીડ/ ઓફર જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૪-૦૯-૨૦૨૩ના સાંજના ૦૫.૦૦ સુધી છે. ભર્યા વગરના ટેન્ડર ફોર્મ કે છેલ્લી તારીખ પછી આવેલ ટેન્ડર ફોર્મ અમાન્ય ગણાશે અને એ રીતે અસ્વીકાર્ય બનશે. ઈએમડી પર કોઈ વ્યાજ નહીં અપાય.

૨) ઉપર આપેલ શાખાના સરનામે મિલકત માટેના બીડ/ ઓફર ખોલવાની (હરાજીની) તારીખ ૨૫-૦૯-૨૦૨૩ના રોજ બપોરે ૦૩.૦૦ વાગે છે. ટેન્ડર અધિકૃત અધિકારીની હાજરીમાં ખોલવામાં આવશે.

૩) દેણદાર/રો અને જામીનદાર/રોને અત્રે વેચાણના સમયે જાતે હાજર રહેવા નોટિસ આપવામાં આવે છે અને તેઓ રસ ધરાવતા ખરીદદારો – બાયર્સ /પરચેઝર્સને ઉપર જણાવેલ મિલકતની વેચાણની શરતો અને નિયમોની વિગતો મુજબ ખરીદી માટે સાથે લાવી શકે છે.

૪) સરફૈસી કાયદો, ૨૦૦૨ હેઠળ આ ૩૦ દિવસની વેચાણ નોટિસ છે જે જાહેર જનતાને સામાન્ય રીતે અને દેણદાર(રો), સહદેણદાર(રો) અને જામીનદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે ઉપર વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગિરવે રાખેલ/ ચાર્જ કરેલ છે અને આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.(એએચએફએલ), સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ એનો ફિઝિકલ કબજો લીધો છે. જે 'જ્યાં છે, જેમ છે, જે છે તે છે અને જે કાંઈ છે' તે આધારે વેચાણ થશે અને જો વેચાણની તારીખ અગાઉ આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.ની લેણી રકમ પૂરેપૂરી ચૂકવાઈ જશે તો હરાજી બંધ રહેશે.

૫) સ્થાવર મિલકત હાઈએસ્ટ ટેન્ડર ભરનારને વેચવામાં આવશે. છતાં અધિકૃત અધિકારીને યોગ્ય લાગે તો ઈન્ટર સે બીડિંગ કરાવવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે. ઉપરોક્ત મિલકત રિઝર્વ કિંમતથી ઓછી કિંમતે વેચાશે નહીં.

૬) ઉપર જણાવ્યા મુજબની મિલકત પર કોઈ જવાબદારીઓ બાકી હશે તે માટે એએચએફએલ જવાબદાર નથી. મિલકતની 'જ્યાં છે, જેમ છે, જે છે તે છે અને જે કાંઈ છે' તેના આધારે હરાજી થશે.

૭) ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.ના નામે જ કઢાવવો.

૮) હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો સૂચિત ટેન્ડર ફોર્મમાં આપેલ છે. ટેન્ડર ફોર્સ ઉપર જણાવેલ શાખાની ઓફિસે મળી રહેશે. અધિકૃત અધિકારીને ટેન્ડરની તારીખ લંબાવવાનો અથવા બીડિંગના નિયમો અને શરતોમાં ફેરફાર કરવાનો સુવાંગ અધિકાર છે. વધારાની વિગતો અને બીડિંગના અન્ય નિયમો અને શરતો માટે જુઓ : www.aadharhousing.com

વધુ વિગતો માટે ઉપર જણાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીને